## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**અમારી પાસે વેક્સિન નથી એ અલગ વાત છે પરંતુ લોકો જો વેક્સિન લીધા વગર ફરતા દેખાશે તો જનહીત માટે કડકમાં કડક પગલાં લેતા અચકાશું નહીં...!!**

# સુઘડમાંથી ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ઝડપાયું

## અડાલજ પોલીસે ૨.૯૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર નજીક આવેલા સુઘડ સ્થિત બાલાજી અગોરા રેસીડેન્સી ખાતે ફ્લેટ ભાડે રાખી ચાલતા ઈન્ટરનેશનલ કોલ સેન્ટરને અડાલજ પોલીસે ઝડપી પાડ્યું છે. લીસ્ટ ફ્લેક્ષ લીડ બાયર્સ નામની વેબસાઈટનો ઉપયોગ કરીને અમેરીકાના નાગરીકોની માહિતી એકઠી કરીને ટેક્સ નાઉ એપ્લિકેશન દ્વારા કોલ કરવામાં આવતા હતા. અમેરીકન નાગરીકોને લોન આપવા માટેના મેસેજ મોકલવામાં આવતા હતા. ત્યારબાદ કોલ કરીને બેંક કર્મચારી તરીકે ઓળખ આપી લોન આપવાની વાત કરી વિવિધ વેરીફિકેશન તેમજ પ્રોસેસીંગ ફી પેટે ગુગલ પે કાર્ડ નંબર મેળવીને અમેરીકન નાગરીકો સાથે છેતરપિંડી આચરનાર બે મુખ્ય સુત્રધાર સહિત ૭ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે લેપટોપ, મોબાઈલ ફોન, તેમજ એકટીવા મળી કુલ રૂ.૨.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ જિલ્લામાં ચાલતી ગુનાહિત પ્રવૃતિને ડામવા માટે કડક સુચનાઓ આપી હતી. જેને



પગલે અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.જે.શીંદે સહિતના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ મિલિંનકુમારને બાતમી મળી હતી કે સુઘડ ગામે બાલાજી અગોરા મોલની પાછળ આવેલી બાલાજી રેસીડેન્સી બ્લોક નં-૩ ફ્લેટ નં-૯ ખાતે ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચાલી રહ્યું છે. જેથી પોલીસ તાત્કાલીક સ્થળ પર પહોચી જઈને દરોડો પાડવામાં આવ્યો હતો.ત્રણ રૂમ રસોડાના ફ્લેટમાં કેટલાક શખ્સો લેપટોપ લઈને બેઠા હતા. જેથી પોલીસે તમામ યુવકોની પુછતાછ કરી હતી. જેમાં પીનાંક ઉર્ફે પ્રિન્સ અશોકભાઈ ગુપ્તા (રહે. એ -૧૪ હરીઓમ સોસાયટી ડી માર્ટ સામે બાપુનગર), મેહુલ મહેન્દ્રભાઈ મહેરીયા (મુળ રહે. સાકંડી તાલુકો વઢવાણ સુરેન્દ્રનગર, હાલ શીતલનગર નરોડા), અભી બિપિન દેસાઈ (રહે. અક્ષરધામ ઈન્ટરસીટી ડી માર્ટ સામે બાપુનગર), દીપુ ઉર્ફે માઈક ઉર્ફે દિપક પાપાચંદ ટંડન (રહે.સ્વામીનારાયણ પાર્ક બાપા સીતારામ ચોક નવા નરોડા કૃષ્ણનગર), એજાજ એહમદભાઈ મુલતાની (રહે.સુડવેલસો, કોઠારીયા વઢવાણ સુરેન્દ્રનગર), પાર્થ મયુર વ્યાસ (રહે ન્યુ આશાપુરા સોસાયટી અનિલ સ્ટાર્ચ રોડ બાપુનગર), તેમજ ઉમંગ દિનેશ સોલંકી (રહે જય આશાદીપ ખોખરા અમદાવાદ) હતા. આ તમામ વિદેશી નાગરીકો ને કોલ કરીને છેતરપિંડી કરતા હતા. કોલ સેન્ટરના મુખ્ય સુત્રધાર ગણાતા પીનાંક ઉર્ફે પ્રિન્સ એ ફ્લેટ ભાડે રાખ્યો હતો. જયારે મેહુલ મહેરીયા તેના મિત્ર દિપેશ શ્રીરામ પાસેથી લીસ્ટ ફ્લેક્ષ લીડ બાયર્સનામની વેબ સાઈટ થકી અમેરીકન નાગરીકોને ડેટા મેળવતો હતો. જયારે બંન્ને શખ્સોએ અન્ય યુવકોને નોકરી પર રાખ્યા હતા.જયારે ફાકડુ અંગ્રેજી બોલીને યુવાનો અમેરીકન નાગરીકોને ફોન કરીને બેંક કર્મચારી તરીકે ઓળખ આપી લોનની લાલચ આપતા હતા. લોન માટે વિવિધ પ્રકારના વેરીફિકેશન પ્રોસેસીંગ ફી માટે ગુગલ પે કાર્ડ નંબર જાણીને પૈસા એકાઉન્ટમાં મેળવી લેતા હતા. જયારે દીપુ ઉર્ફે માઈક ફરાર છે. અને દિપુ જ અમેરીકન નાગરીકોનો ડેટા આપતો હતો. પોલીસે તમામ યુવકોને પકડી પાડી ઈલેક્ટ્રોનીક ઉપકરણો, મોબાઈલ ફોન, વાહનો સહિત કુલ રૂ. ૨.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ત્રીજી વેવની સંભાવનાને લઈ ડીસ્ટ્રીક્ટ ટ્રેનર્સ તૈયાર કરવા એક વિસ્તૃત બેઠક આરોગ્યના અધિકારીઓની મળી હતી.
- જિલ્લામાં આજે ૮૨૦૦થી વધુ લાભાર્થીઓને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૯૫ લોકોને અને શહેરમાં ૩૨૦૦ લોકોને આવરી લેવાયા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના બદલી પામેલ નાયબ જિલ્લા વિકાસ અધિકારી જીતેન્દ્ર વદરને વિદાય તેમજ નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમને અધિકારીઓ દ્વારા આવકાર આપતો સમારોહ સાદો છતાં દબદબાપૂર્ણ રીતે યોજાયો હતો.
- જિલ્લામાં ૯૫૪ ખેડૂતોએ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કર્યુ હતુ. હવે ટેકાના ભાવે ખરીદીની કામગીરી સંપન્ન થઈ ગઈ છે.
- કોરોનાનું સંક્રમણ ઘટતાં મોર્નિંગ વોકર્સની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.
- ટોક્યો ખાતે યોજાનાર ઓલમ્પિકમાં ગાંધીનગરની પારૂલ પરમાર પેરા બેડમિગ્ટનમાં ભાગ લેશે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત કમિશનર ડૉ. ધવલ પટેલ સાત દિવસની રજા પર ગયા છે.
- ગુજરાત સચિવાલય સેક્શન અધિકારી એસોસિએશનના પ્રમુખ જયેશ રાવલે મુખ્યમંત્રીને પત્ર લખી વધેલી મોંઘવારીને પગલે કર્મચારીઓનો મોંઘવારી ભથ્થાનો હપ્તો છુટો કરવા રજુઆત કરી છે.

## નર્મદા ડેમની જળ સપાટીમાં એક મહિનામાં ૯.૬૮ મીટરનો ઘટાડો

ગાંધીનગર,તા.૨

ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમની જળ સપાટીમાં મોટો ઘટાડો નોંધાયો છે. છેલ્લા એક જ મહિનામાં ડેમની સપાટીમાં ૯.૬૮ મીટરનો ઘટાડો નોંધાયો છે. ૧ જૂનના રોજ નર્મદા ડેમની જળ સપાટી ૧૨૩.૩૮ મીટર હતી, જ્યારે ૧ જુલાઈના રોજ ૧૧૩.૭૦ મીટર જળ સપાટી નોંધાઈ છે, એટલે ૯.૬૮ મીટર નો ઘટાડો નોંધાયો છે.

ઉપરવાસમાં વરસાદ ઓછો હોવાના કારણે જળ સપાટીમાં ઘટાડો નોંધાયો છે. નર્મદા ડેમના ૧૨૦૦ મેગાવોટ ના વીજ મથકો સતત ચાલુ રહેતા ઘટાડો નોંધાયો છે. હાલ વીજ મથકો ચાલતા નદી પણ પાણી છોડાઈ રહ્યું છે. ઉપરવાસમાંથી ચોમાસા દરમિયાન પાણીની આવક થાય તો ફરી નર્મદા ૧૩૮ મીટરની ઐતિહાસિક સપાટીએ પહોંચી શકે છે.

## પેથાપુરની યુવા મોડેલ-અભિનેત્રીના આલ્બમ સોંગને પ્રોત્સાહક પ્રતિસાદ

ગાંધીનગર તા.૦૨

ગાંધીનગરના શહેરી વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના યુવાનો પણ વિવિધ ક્ષેત્રે પોતાની પ્રતિભા ઝળકાવી રહ્યાં છે. શહેરમાં સમાવિષ્ટ પેથાપુરના ગ્રામ્યવિસ્તારની યુવા દીકરી હીના શુકલ જે છેલ્લા પાંચ વર્ષથી મોડેલીંગ વ્યવસાયમાં કાર્યરત છે જેનું એક આલ્બમ સોન્ગ ×ઓરે સખી...× તાજેતરમાં રિલીઝ થયું છે જેને યુ-ટ્યુબ પર ખૂબ સારો પ્રતિભાવ મળી રહ્યો છે. કડીના પ્રોડ્યુસર ભરત રામી દ્વારા લિખિત-નિર્મિત આ સોન્ગમાં તે આકાશ ગાલા અને આંચલ શાહ જેવા જાણીતા કલાકારો સાથે જોવા મળી રહી છે.



હવે એ માન્યતા જૂની થઈ ગઈ છે કે ગ્રામીણ વિસ્તારની યુવતીઓ ગામડાં પૂરતી જ મર્યાદિત રહે છે પરંતુ આજના જમાનાની ગ્રામીણ યુવતી મોડેલિંગ તેમજ અભિનય જેવા મોડર્ન ક્ષેત્રે પણ પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી રહી છે. ગાંધીનગરની કડી કેમ્પસ માંથી એમબીએ થયેલી પેથાપુરથી હિના શુકલા આવું જ એક ઉદાહરણ છે જે છેલ્લા પાંચ વર્ષથી મોડેલિંગ ક્ષેત્રે કાર્યરત છે. આવા ફિલ્ડમાં પરિવારનો માનસિક સહયોગ ખુબજ જરૂરી હોય છે. હિનાને આ ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરણા આપનાર તેના સ્વર્ગસ્થ માતૃશ્રી ભાવનાબેન તેમજ સ્વર્ગવાસી પિતા પ્રવીણચંદ્ર શુકલનું પણ તેને ખૂબ પ્રોત્સાહન મળ્યું હતું. જો કે હિના પોતાની રોલ મોડલ તેની મોટી બહેન ફાલ્ગુનીને માને છે જે ગાંધીનગરમાં મહિલા પોલીસ વિભાગમાં કાર્યરત છે. હિનાએ બાળપણમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી હતી પરંતુ તેના મોસાળ પક્ષની હૂંફથી જીવન આગળ વધ્યું પછી મોટી બહેન ફાલ્ગુની ને પણ ગાંધીનગર પોલીસમાં નોકરી મળી અને ત્યારબાદ તેણે હિનાની તમામ જવાબદારી ઉપાડી અને આ ક્ષેત્રમાં આગળ વધવા તમામ સપોર્ટ આપ્યો હતો. આગામી દિવસોમાં હિના શુકલની ×ફૂલ સ્ટોપ× નામની ફિલ્મ રિલીઝ થઈ રહી છે જેનું શૂટિંગ પુરુ થઈ ગયું છે.




સેકટર-૬ના મેદાનમાં શ્રમજીવી પરિવારો ઝુંપડા બાંધીને રહે છે. આ પરિવારોને ખીચડી અને છાશનું વિતરણ લાયન્સ કલબ અને લીયો કલબ દ્વારા કરવામાં આવ્યું હતું. લાયન્સ અને લીયો કલબના સભ્યો આ સેવાકાર્યમાં મોટા પ્રમાણમાં જોડાયા હતા.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અનોખી સેવા

ગાંધીનગરના શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ઉત્તર ત્રિપુરા રાજયના શાંતિપુર ગામમાં ગરીબોને ચોખાનું મફત દાન કરવામાં આવ્યું છે. સમિતિના સભ્ય મિલિન્દભાઈ દ્વારા મેડિકલ કેમ્પની વ્યવસ્થા કરવામાં આવી હતી. શાંતિપુર ગામના સમ્રાટ નામના કાર્યકરના ઘરે ૫૦ કિ.ગ્રા.નું પીપ મુકવામાં આવ્યું હતું. જેમાં ચોખા ભરીને સ્ટોક રાખ્યો હતો. આ ગામના ૧૭ લાભાર્થીઓ નક્કી કરીને ૫૦૦ ગ્રામ ચોખાનું રોજ મફત દાન કરાયું છે. આ સેવાનો લાત્ર ભણ મહિના સુધી સફળતાપૂર્વક કર્યો છે. જે આગામી સમયમાં પણ ત્યાંના વિસ્તારોની માહિતી લઈને નવી યોજના બનશે તેવું મિલિન્દભાઈએ જણાવ્યું છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં શુક્રવારે ૫ હજારથી વધુ લોકોને રસી અપાઈ

### ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોવિડની રસીનો પ્રથમ ડોઝ ૩,૮૨,૯૫૦ વ્યક્તિઓને અપાયો : ૧,૦૫,૯૪૫ વ્યક્તિઓએ કોવિડની રસીના બે ડોઝ લીધા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજરોજ ૫ હજારથી વધુ વ્યક્તિઓને કોવિડની રસી આપવામાં આવી છે. અત્યાર સુધી કોવિડની રસીનો પ્રથમ ડોઝ ૩,૮૨,૯૫૦ વ્યક્તિઓને આપવામાં આવ્યો છે. તેમજ ૧,૦૫,૯૪૫ વ્યક્તિઓએ કોવિડની રસીના બે ડોઝ લીધા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાને નાથવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા આરોગ્યના કર્મનિષ્ઠ કર્મયોગી દ્વારા સતત ખડેપગે પોતાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. કોરોના રસીકરણ મહાઅભિયાનને વધુ વેગવંતુ બનાવવા માટે આજે ગાંધીનગર જિલ્લાના ૩૫ સેન્ટરો ખાતેથી ગ્રામ્ય વિસ્તારના ૫,૦૯૫ વ્યક્તિઓને કોવિડની રસી આપવામાં આવી છે.

તા. ૩ જુલાઈ, ૨૦૨૧ના રોજ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ તાલુકાના ૪૦ સેન્ટરો ખાતેથી ૧૮ થી વધુ અને ૪૪ ઉપરની ઉંમરના લોકોને રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કલોલ તાલુકાના મોખાસણ, પાનસર, સઈજ, હાજીપુર, રાંચરડા, ધનજ, કલોલ શહેરમાં યુ.એચ.સી-૧, યુ.એચ.સી.-૨, સી.એચ.સી. કલોલ-૧, જનરલ હોસ્પિટલ અને ખાત્રજ ખાતે રસી આપવામાં આવશે.

માણસા તાલુકામાં પુન્દ્રા, યુ.એચ.સી., માણસા, સી.ડી.એચ., માણસા, સોજા, ઈટાદરા, આજોલ, બિલોદ્રા, મહુડી, વરસોડા અને વેડા ખાતે, ગાંધીનગર તાલુકામાં રૂપાલ, ઉનાવા, વડોદરા, ઉવારસદ, પ્રાંતિયા, આદરજ, ડભોડા, અડાલજ, છાલા અને સાદરા ખાતે કોવિડની રસી આપવામાં આવશે. દહેગામ તાલુકામાં યુ.એચ.સી. દહેગામ, સનોડા, સાંપા, કડજોદરા, દેવ મુવાડા, બહિયલ, કડાદરા, પાલુન્દ્રા અને પાટનાકુવા ખાતે રસી આપવામાં આવશે.

## સાદરા ગુજરાત વિદ્યાપીઠમાં ડૉ. સંજયભાઈ મકવાણાનો શુભેચ્છા સમારોહ યોજાયો

ચિલોડા, તા. ૨

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં ગુજરાતી વિષયના પ્રો. ડૉ. સંજયભાઈ મકવાણાની ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે નિમણુંક થતાં શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે પ્રાર્થના અને ભજન રજૂ કરવામાં આવ્યા હતા તો વિવિધ વિભાગના અધ્યાપકો દ્વારા પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.

## રથયાત્રા અંગે પાંચમીએ નિર્ણય કરાય તેવી શક્યતાઓ

અમદાવાદ,તા.૨

અમદાવાદમાં ભગવાન જગન્નાથની નગરચર્ચાને લઈને જીએસટીવી પર સૌથી મોટા સમાચાર આવ્યાં છે. ભગવાન જગન્નાથ રથયાત્રા પર નજરચર્યાએ નીકળશે કે નહીં તેને લઈને ૫ જુલાઈએ નિર્ણય કરવામાં આવશે. જગન્નાથજીની રથયાત્રામાં દેશભરમાંથી સાધુ સંતો આવે છે.

જો કે આ વર્ષે ગીરનારમાથી સંતો રથયાત્રામા જોડાશે નહી.રથયાત્રા અંગે ભલે હુજ કોઈ નિર્ણય ન લેવાયો હોય પરંતુ રથયાત્રા નીકળશે તેને લઈને મંદિરમાં સૂચક તૈયારીઓ શરૂ થઈ છે. ૧૨૦ ખલાસીઓના લીસ્ટ મંદિર દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. કોર્પોરેશનની ઓફિસ ખાતે મેયર સહિતના અધિકારીઓ નાથનું સ્વાગત કરસે.સરસપુર મંદિરમાં ભાણેજ વધામણા થશે. આ વર્ષે પ્રથમ વાર રથયાત્રાનો સમય ગાળો ટૂંકાવવામાં આવશે. વહેલી સવારે ૭ વાગ્યા થી ૧૨ વાગ્યા સુધી રથ નિજ મંદિર પહોંચે તેવી તંત્ર અને મંદિર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# ગોલથરા સુરેલીયા ખરાબા પાસેથી જુગાર રમતા જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૨

રૂપાલ થી ગોલથરા જતા માર્ગ પર સુરેલીયાવાળા ખરાબામાં જુગાર રમતા ૭ જુગારીઓને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૨૬,૧૭૦ ના મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે રૂપાલ ગામ આવતા સાથે રહેલા કોન્સ્ટેબલ ભદ્રેશસિંહને બાતમી મળી હતી કે રૂપાલ થી ગોલથરા જવાના માર્ગ પર સુરેલીયા ખરાબા પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈને રેઈડ પાડીને કુંડાળુ વળીને જુગાર રમી રહેલા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી.જેમાં એક વ્યકિત ભાગી જવામાં સફળ રહ્યો હતો. જયારે પોલીસે સ્થળ પરથી રૂપાલ ઠાકોર વાસ ખાતે રહેતા અરવિંદ મુન્નાભાઈ દંતાણી, કલ્યાણપુરા કડીના વતની રાધેશ્યામ રામ બહાદુરસિંહ રાજપુત, દિગ્વિજય દિનેશજી ઠાકોર, અરુણ રૂકસંગજી ઠાકોર, જીતુભાઈ રમેશભાઈ દંતાણી, રોહિત રમેશભાઈ દંતાણીનો સમાવેસ થાય છે.જયારે પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયન કુલ રૂ.૧૦૪૯૦ તેમજ ૧૫ હજારના ત્રણ મોબાઈલ ફોન અને દાવ પરથી કુલ રૂ.૬૮૦ મળી કુલ રૂ૨૬,૧૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## સે-૧૬ વસાહતીઓ દ્વારા વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગરમાં સેકટર-૧૬ના વસાહતીઓ દ્વારા વય નિવૃત્તિથી નિવૃત્ત થતા મહેન્દ્રભાઈ એમ. પરમારનો વિદાય કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં વસાહતીઓએ ભાવભરી વિદાય આપી હતી. અમૃતભાઈ રાણા, પ્રવિણભાઈ પરમાર, મનીષભાઈ પરમાર, વિષ્ણુભાઈ પ્રજાપતિ, ભાનુભાઈ પરમાર, બાબુભાઈ સહિત તમામે હાજર રહી તેમના નિવૃત્તિ જીવન સુખમય નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**



## રસીકરણ કેમ્પ

ગાંધીનગરની સરકાર પોલિટેકનિકના બાયોમેડિકલ વિભાગ અને સરકારી ઈજનેરી કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા આજે રસીકરણ કેમ્પનું આયોજન રોજ કરવામાં આવ્યું હતુ જેમાં દહેગામ તાલુકા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બંને કોલેજના સ્ટાફને કોવિડની રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે દહેગામના તાલુકા આરોગ્ય અધિકારી રજનીકાંત પટેલે કેમ્પની મુલાકાત લઈ લાભાર્થીઓ અને કેમ્પના સ્ટાફને ઉપયોગી સૂચનો આપ્યાં હતા.

## કોરોના ટેસ્ટ માટેની સેલ્ફ ટેસ્ટ કિટ "કોવિ સેલ્ફ"ના ગુજરાત પાર્ટનર મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે

કોરોના મહામારીના સમયસરના નિદાન માટેનું ટેસ્ટિંગ સરળ અને ઘર આંગણે થઈ શકે તેવી સેલ્ફ ટેસ્ટ કિટ "કોવિ સેલ્ફ" માયલેબ દ્વારા નિર્માણ કરવામાં આવી છે. આ સેલ્ફ ટેસ્ટ કિટ ગુજરાતમાં પૂજારા ગૃપના સહયોગથી લોકો-નાગરિકો માટે રાજ્યના તમામ મુખ્ય શહેરોના અગ્રણી મેડીકલ-ફાર્મસી સ્ટોર્સ પરથી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ આ કોવિ સેલ્ફ કોવિડ-૧૯ સેલ્ફ ટેસ્ટ કિટનું નિદર્શન અને વિસ્તૃત વિગતો આ પ્રોડકટના ગુજરાત પાર્ટનર અને સુપર સ્ટોકિસ્ટ પૂજારા ગૃપના ચેરમેન યોગેશભાઈ પૂજારા અને ટિમ દ્વારા ગાંધીનગરમાં કરવામાં આવ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ કોરોના સંક્રમણ નિયંત્રણ માટે વ્યાપક ટેસ્ટિંગના અભિગમમાં આ "કોવિ સેલ્ફ" ટેસ્ટ કિટ ઘરે બેઠા જાતે કોરોના ટેસ્ટ માટેની વધુ જાગૃતિ લાવશે તેવી અપેક્ષા વ્યકત કરતાં પૂજારા ગૃપને આ કિટના રાજ્યમાં સફળ વિતરણ માટેની શુભેચ્છાઓ આપી હતી. કોરોનાની પહેલી અને બીજી લહેરમાં મોટા પ્રમાણમાં કોરોના ટેસ્ટની જરૂરિયાત ઊભી થઈ હતી. હવે, આવી સેલ્ફ ટેસ્ટ કિટ લોકોને ઘરે બેઠા પોતાની જાતે જ કોરોના ટેસ્ટ કરવાની સગવડ આપવામાં ઉપયુકત બનશે.

**આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા બાળકોને વિના મૂલ્યે ગણવેશ વિતરણ**

આઈ.સી.ડી.એસ.

Towards a new dawn
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા ૩ વર્ષ થી ૬ વર્ષનાં દરેક બાળકો (કુમાર અને કન્યા)ને આંગણવાડી કેન્દ્ર મારફતે બાળક દિઠ ૨ જોડી ગણવેશ સરકારશ્રી દ્વારા વિના મૂલ્યે વિતરણ માટે આપવામાં આવતા હોઇ જેથી લાભાર્થીઓ એ ગણવેશ પેટે કોઇપણ પ્રકારની રકમ ચુકવવાની રહેશે નહિ.

કમિશનર - વ - સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર

**ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**
**આદિજાતિ વિકાસ વિભાગ**
બ્લોક નં. ૮, ૨જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૫૨૨૫૭

સત્યમેવ જયતે
વનબંધુ કલ્યાણ યોજના VANBANDHU KALYAN YOJANA

**સીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP)**

ફાઈનાંસીયલ એડવાઈઝર કમ ઈન્ટરનલ ઓડીટરના વર્ષ ૨૦૨૧-૨૨ની પસંદગી માટે ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રમોટેડ સોસાયટી, ફાઈનાન્સીયલ એડવાઈઝરી કમ ઈન્ટરનલ ઓડીટરની નિમણુંક માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જેઓ C&AG દ્વારા એમપેનલ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફર્મ પાસેથી વર્ષ ૨૦૨૧-૨૨ માટે રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP) આમંત્રિત કરવામાં આવે છે.

RFPની સંપૂર્ણ વિગતો તથા ટેન્ડર ડોક્યુમેન્ટ અમારી વેબસાઈટ http://dsag.gujarat.gov.in ઉપરથી મેળવી શકાશે.

**મહત્વની તારીખ :**

| | |
|---|---|
| RFP ડોક્યુનેન્ટ ડાઉનલોડ કરવાની તારીખ | ૩/૭/૨૦૨૧ (૧૭.૦૦ કલાકે) |
| પ્રપોઝલ ડી-સેગ ખાતે જમા કરવાની છેલ્લી તારીખ | ૨૬/૭/૨૦૨૧ (૧૭.૦૦ કલાકે) |
| ટેકનીકલ ડોક્યુમેન્ટ ખોલવાની તારીખ | ૨૮/૭/૨૦૨૧ (૧૨.૦૦ કલાકે) |

મુખ્ય કારોબારી અધિકારી
ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર

માહિતી/૫૫૩/૨૧-૨૨